યુસુફ પઠાણ જમીન વિવાદ કેસ

# ગુજરાત હાઈકોર્ટે વલણ કડક કરતા પૂછ્યું... મંજૂરી વિના સરકારી પ્લોટ પર કબજો કેમ?

**સ્ટેન્ડિંગ કમિટીની માત્ર દરખાસ્ત હતી, આખરી મંજૂરી વિના વર્ષોથી વપરાશ છતાં કોર્પોરેશનને એક પણ રૂપિયો ચૂકવાયો નથી:**



(પ્રતિનિધિ) વડોદરા, તા.8
પૂર્વ ક્રિકેટર અને તૃણમૂલ કોંગ્રેસના સાંસદ યુસુફ પઠાણના વડોદરા સ્થિત રહેણાંક પ્લોટની બાજુમાં આવેલા સરકારી પ્લોટના કબજાને લઈને ચાલી રહેલા વિવાદમાં ગુજરાત હાઈકોર્ટે અત્યંત કડક વલણ અપનાવ્યું છે. આ મામલે યોજાયેલી સુનાવણી દરમિયાન હાઈકોર્ટે યુસુફ પઠાણ પક્ષે આકરા સવાલોનો મારો ચલાવ્યો હતો. કોર્ટે સ્પષ્ટ શબ્દોમાં પૂછ્યું હતું કે, કોઈપણ પ્રકારની યોગ્ય કાયદાકીય પ્રક્રિયા અને સક્ષમ સત્તાધિકારીની અંતિમ મંજૂરી પૂર્ણ થયા વિના કોઈ પણ વ્યક્તિ જાહેર પ્લોટ પર કબજો કેવી રીતે મેળવી શકે? સુનાવણી દરમિયાન હાઈકોર્ટે ચિંતાજનક અવલોકન કરતા નોંધ્યું હતું કે, આ જમીન ફાળવણી અંગે માત્ર વડોદરા મહાનગરપાલિકાની સ્ટેન્ડિંગ કમિટીની દરખાસ્ત જ હતી, પરંતુ તેને સરકાર તરફથી કોઈ અંતિમ મંજૂરી મળી નહોતી. આમ છતાં, પ્રાથમિક દૃષ્ટિએ એવું સામે આવ્યું છે કે વર્ષોથી આ પ્લોટનો ઉપયોગ કરવામાં આવી રહ્યો છે.

કોર્ટે આ મામલે વધુ ટકોર કરતા જણાવ્યું હતું કે, આટલા વર્ષો સુધી પ્લોટનો વપરાશ કરવા છતાં આજદિન સુધી કોર્પોરેશનને તંત્ર સમક્ષ એક પણ રૂપિયાની ચૂકવણી કરવામાં આવી નથી, જે ગંભીર બાબત છે. કોર્ટે કાયદાકીય પ્રક્રિયાનો ભંગ કરનારાઓ સામે લાલ આંખ કરતા ઉમેર્યું કે, જો સરકારી પ્લોટ પર સત્તાવાર મંજૂરી મેળવ્યા વિના ગેરકાયદેસર રીતે ફેન્સિંગ કરવામાં આવ્યું હોય, તો તેના માટે નિયમ અનુસાર દંડની રકમ પણ ભરવી પડશે. આ સાથે જ કોર્ટે સવાલ ઉઠાવ્યો હતો કે, જો હાલના તબક્કે આ વિવાદિત પ્લોટ પર અરજદારનો કોઈ કાયદેસરનો કબજો ન હોય, તો શું વડોદરા મહાનગરપાલિકાને ત્યાં પ્રવેશ કરવા દેવામાં આવશે? હાઈકોર્ટના આ કડક વલણ બાદ, અરજદાર યુસુફ પઠાણને આ સમગ્ર મામલે પોતાનો સત્તાવાર જવાબ અને પક્ષ રજૂ કરવા માટે કોર્ટ દ્વારા એક સપ્તાહનો સમય આપવામાં આવ્યો છે. આ હાઈપ્રોફાઈલ કેસની આગામી વધુ સુનાવણી હવે પછીના સોમવારે હાથ ધરવામાં આવશે, જેના પર સૌની નજર ટકેલી છે.

## ડભોઈમાં આરોગ્ય વિભાગ દ્વારા સ્વચ્છતા રેલી યોજાઈ



(પ્રતિનિધિ) ડભોઈ, તા.8
ડભોઈ ખાતે આજ રોજ સ્વચ્છતા સપ્તાહ અભિયાનના પ્રારંભ નિમિત્તે શહેરી પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર (UPHC-1) દ્વારા સ્વચ્છતા રેલીનું આયોજન કરવામાં આવ્યું હતું. મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારી તથા તાલુકા આરોગ્ય અધિકારીના માર્ગદર્શન હેઠળ યોજાયેલ આ કાર્યક્રમમાં આરોગ્ય વિભાગની ટીમે સ્વચ્છતા અંગે લોકોમાં જાગૃતિ લાવવા માટે વિવિધ સૂત્રોચ્ચાર કર્યા હતા. રેલી દરમિયાન સ્વચ્છતા જાળવવા, કચરો નિયત સ્થળે નાંખવા, પ્લાસ્ટિકનો ઓછો ઉપયોગ કરવા તેમજ સ્વસ્થ જીવનશૈલી અપનાવવા અંગે લોકોને સંદેશ આપવામાં આવ્યો હતો.

જીવન બચાવવાથી લઈને પ્રકૃતિનું સંવર્ધન સુધી: HCG વડોદરાની હરિયાળી પહેલ

# હરિયાળા ભવિષ્ય માટે વૃક્ષારોપણ થકી વિદ્યાર્થીઓમાં પર્યાવરણ જાગૃતિનો સંદેશ



(પ્રતિનિધિ) વડોદરા, તા.8
વિશ્વ પર્યાવરણ દિવસની ઉજવણીને વધુ અર્થપૂર્ણ બનાવતા HCG કેન્સર સેન્ટર વડોદરાએ પર્યાવરણ સંરક્ષણ અને ટકાઉ વિકાસ પ્રત્યેની પોતાની પ્રતિબદ્ધતા દર્શાવતાં વિશાળ વૃક્ષારોપણ અભિયાનનું આયોજન કર્યું હતું. આ અભિયાનમાં આરોગ્ય ક્ષેત્રના નિષ્ણાતો, શિક્ષકો અને વિદ્યાર્થીઓએ ઉત્સાહભેર ભાગ લીધો હતો.

HCGના ડૉક્ટરો, સર્જનો, નર્સિંગ સ્ટાફ અને કર્મચારીઓએ ગ્લોબલ ડિસ્કવરી સ્કૂલ, IIRA ઈન્ટરનેશનલ સ્કૂલ તથા દીપક ફાઉન્ડેશનના સહયોગથી નંદેસરી વિસ્તારની વિવિધ શાળાઓમાં 500થી વધુ રોપાઓનું વાવેતર કર્યું હતું. આ પહેલનો મુખ્ય હેતુ માત્ર વૃક્ષારોપણ પૂરતો મર્યાદિત ન રહી, પરંતુ વિદ્યાર્થીઓમાં પર્યાવરણ પ્રત્યે જવાબદારી અને સંવેદનાની ભાવના વિકસાવવાનો પણ હતો.

કાર્યક્રમ દરમિયાન ડૉક્ટરોએ વિદ્યાર્થીઓને સ્વસ્થ જીવનશૈલી, રોગપ્રતિકારક આરોગ્ય અને હરિયાળા પર્યાવરણ વચ્ચેના ગાઢ સંબંધ અંગે માર્ગદર્શન આપ્યું. આરોગ્ય અને પર્યાવરણ એકબીજા સાથે અતૂટ રીતે જોડાયેલા હોવાનો સંદેશ પણ આપવામાં આવ્યો. આ અભિયાન પર્યાવરણ જાગૃતિનું સામૂહિક આંદોલન બની રહ્યું, જેમાં સૌએ મળીને માત્ર રોપાઓ જ નહીં, પરંતુ જવાબદાર અને ટકાઉ ભવિષ્યના બીજ પણ વાવ્યાં. HCGની આ પહેલ આવનારી પેઢી માટે વધુ સ્વસ્થ, હરિયાળા અને પર્યાવરણમૈત્રી સમાજના નિર્માણ તરફનું મહત્વપૂર્ણ પગલું સાબિત થઈ છે

## કારેલીબાગ વિસ્તારમાં બહુચરાજી રોડ પર બ્રિજ પહોળો કરવાની કામગીરીમાં કોન્ટ્રાક્ટરની બેદરકારી, પાણીનુ વહેણ રોકી દેવાયું



■ વડોદરા કારેલીબાગ વિસ્તારમાં બહુચરાજી ખાડી પર હાલમાં બ્રિજ પહોળો કરવાનું કામ ચાલી રહ્યું છે. આ કામગીરી દરમિયાન કોન્ટ્રાક્ટરે પોતાની સુવિધા માટે ખાડીના વહેણમાં મોટા પ્રમાણમાં માટી ઠાલવી દીધી હતી અને ત્યાં અવરજવર માટે એક અસ્થાયી રોડ બનાવી દીધો હતો. ચોમાસું માથે હોવા છતાં આ માટી અને અસ્થાયી માળખું દૂર ન કરાતા ખાડીનું કુદરતી વહેણ સંપૂર્ણપણે બંધ થઈ ગયું છે. જો આગામી દિવસોમાં ભારે વરસાદ પડે, તો ખાડીનું પાણી આગળ વધવાને બદલે રિવર્સ મારે તેમ છે, જેના કારણે કારેલીબાગ અને તેની આસપાસના નીચાણવાળા રહેણાંક વિસ્તારોમાં ઘરો અને સોસાયટીઓમાં પૂરના પાણી ભરાઈ જવાની પૂરેપૂરી દહેશત વર્તાઈ રહી છે

વિદ્યાર્થીઓ પુસ્તક વગર સ્કુલે જવામાં સંકોચ અનુભવે છે

# ધોરણ ૧ થી ૧૨માં ૧૦ પાઠ્યપુસ્તકો હજુ આવ્યા નથી

(પ્રતિનિધિ) વડોદરા, તા.8
રાજ્યમાં નવું શૈક્ષણિક સત્ર શરૂ થઈ ગયું હોવા છતાં ધોરણ 1થી 12ના વિદ્યાર્થીઓ માટેના કુલ 10 પાઠ્યપુસ્તકો હજુ સુધી શાળાઓમાં પહોંચ્યા જ નથી. પુસ્તકો ન આવવાના કારણે વિદ્યાર્થીઓના અભ્યાસ પર માઠી અસર પડી રહી છે અને શિક્ષકો પણ અભ્યાસક્રમ કેવી રીતે પૂરો કરવો તેની મૂંઝવણમાં છે. ધોરણ 2માં ગુજરાતી વિષયનું પુસ્તક , ધોરણ 3 પર્યાવરણ, ગણિત મેલાનું પુસ્તક, ધોરણ 6 ગણિત પ્રકાશ, કુતુહલ, સામાજિક વિજ્ઞાનના પુસ્તકો, ધોરણ 7 અંગ્રેજી વિષયનું પુસ્તક, ધોરણ 6 થી 8 ભાગવત ગીતાના સિદ્ધાંતો અને મૂલ્યો ભાગ-2, ધોરણ 9 અને 11 કમ્પ્યૂટરના પુસ્તકો હજુ સુધી આવ્યા નથી. આ ઉપરાંત એનસીઈઆરટીના અંગ્રેજી માધ્યમના છ પુસ્તકોનો ગુજરાતીમાં અનુવાદ કરવાનો બાકી હોવાથી ગુજરાતી માધ્યમના વિદ્યાર્થીઓને પણ મુશ્કેલી પડી રહી છે. શાળા શરૂ થયાને અઠવાડિયા વીતી ગયા છતાં મુખ્ય વિષયોના પુસ્તકો જ ઉપલબ્ધ ન હોવાથી શિક્ષણ કાર્ય ખોરવાઈ ગયું છે. શિક્ષકો જૂના પુસ્તકો અથવા ફોટોકોપીના આધારે અભ્યાસ કરાવવા મજબૂર બન્યા છે. વાલીઓએ આક્ષેપ કર્યો કે દર વર્ષે પુસ્તક વિતરણમાં વિલંબ થાય છે, પરંતુ તંત્ર દ્વારા કોઈ નક્કર આયોજન કરવામાં આવતું નથી. પાઠ્યપુસ્તક મંડળ દ્વારા બાકી રહેલા તમામ 10 પુસ્તકો વહેલી તકે શાળાઓમાં પહોંચાડવામાં આવે તેવી માંગ વાલી મંડળો અને શિક્ષક સંઘો દ્વારા કરવામાં આવી રહી છે.

પાઇપોની આડમાં સંતાડેલા વિદેશી દારૂ સાથે કન્ટેનરને કપુરાઈ પોલીસે પકડ્યું

# તરસાલી નજીક કન્ટેનરમાંથી રૂ.૨૦.૫૯ લાખનો વિદેશી દારૂનો જથ્થો ઝડપાયો, ડ્રાઈવર ફરાર

**અંધારાનો** લાભ લઈ ફરાર, દારૂ અને કન્ટેનર સહિત રૂ.30.59 લાખનો મુદ્દામાલ જપ્ત



(પ્રતિનિધિ) વડોદરા, તા.8
નેશનલ હાઈવે-48 નજીકથી કપૂરાઈ પોલીસે વિદેશી દારૂ ભરેલું કન્ટેનર ઝડપી પાડ્યું હતું. તેમાં તપાસ કરતા પાઈપોની આડમાં સંતાડી રાખેલો વિદેશી દારૂનો રૂ.20.59 લાખનો જથ્થો મળી આવ્યો હતો. જેથી દારૂ અને રૂ.10 લાખનું કન્ટેનર સહિત રૂ.30.59 લાખનો મુદ્દામાલ કબજે કર્યો છે. કન્ટેનરનો ડ્રાઈવર અંધારાનો લાભ લઈ ફરાર થઈ ગયો હતો, જ્યારે દારૂ મંગાવનારની પણ પોલીસે શોધખોળ શરૂ કરી છે. કપુરાઈ પોલીસ સ્ટેશનના પીઆઈ ડી.સી. રાઓલની ટીમ ગેરકાયદે દારૂની હેરાફેરી અટકાવવા પેટ્રોલિંગમાં ફરી રહી હતી. દરમિયાન બાતમી મળી હતી કે તરસાલીથી જામ્બુવા બ્રિજ તરફ જતા માર્ગે ગોકુલ કટ નજીક ખુલ્લી જગ્યામાં એક કન્ટેનરમાં વિદેશી દારૂનો મોટો જથ્થો ઉતારવાની તૈયારી ચાલી રહી છે. બાતમીના આધારે પોલીસે સ્થળ પર દરોડો પાડતાં અશોક લેલેન્ડ કંપનીનું બ્રાઉન કલરનું કન્ટેનર શંકાસ્પદ હાલતમાં ઉભેલુ મળી આવ્યું હતું. પોલીસે કન્ટેનર ચેક કરતાં ડ્રાઈવર ફરાર થઈ ગયો હતો. ત્યારબાદ કન્ટેનરનું સીલ તોડી તપાસ કરતા દરવાજા પાસે પાઈપોના જથ્થાની આડમાં સંતાડેલો વિદેશી દારૂ મળી આવ્યો હતો. પોલીસે દારૂ રૂ.20.59 લાખ અને કન્ટેનરની કિંમત રૂ.10 લાખ મળીને રૂ.30.59 લાખનો મુદ્દામાલ કબજે કરવામાં આવ્યો હતો.

અમેરિકન નાગરિકોને લોનની લાલચ આપી ઓનલાઈન ઠગાઈ કરતા હતા

# અકોટામાં ગેરકાયદે ઈન્ટરનેશનલ કોલ સેન્ટર ચલાવનાર 4 આરોપી બે દિવસના રિમાન્ડ પર

**બેન્ક ડીટેલ સહીતની વિગતો કઢાવાઈ, કબજે કરેલો મોબાઈલ અને સામાન એફએસએલમાં મોકલવા તજવીજ**

(પ્રતિનિધિ) વડોદરા, તા.8
વડોદરા શહેરના અકોટા વિસ્તારમાંથી ગેરકાયદેસર રીતે ચલાવવામાં આવતું ઈન્ટરનેશનલ કોલ સેન્ટર ઝડપાતા ઓનલાઈન નાણાકીય છેતરપિંડીના કૌભાંડનો પર્દાફાશ થયો છે.

એલસીબી ઝોન-2ની ટીમે મળેલી ચોક્કસ બાતમીના આધારે દરોડો પાડી ચાર આરોપીઓની ધરપકડ કરી રૂ. 3.57 લાખનો મુદ્દામાલ જપ્ત કર્યો છે. પોલીસ પાસેથી મળતી માહિતી મુજબ એલસીબી ઝોન-2ની ટીમ વિસ્તારમાં પેટ્રોલિંગમાં હતી ત્યારે અકોટાના પ્રધાનજીની ચાલ સ્થિત બેરીલ એપાર્ટમેન્ટમાં ગેરકાયદે કોલ સેન્ટર ચલાવવામાં આવતું હોવાની બાતમી મળી હતી. ડીસીપી મંજીતા વણઝારાની સૂચનાના આધારે પોલીસ ટીમે સ્થળ પર દરોડો પાડતા ત્યાંથી ચાર શખ્સો ઝડપાયા હતા. તપાસ દરમિયાન સામે આવ્યું હતું કે આરોપીઓ કોઈપણ પ્રકારની કાનૂની મંજૂરી કે લાઈસન્સ વિના અમેરિકામાં રહેતા નાગરિકોને વોઈસ કોલ કરતા હતા. તેઓ પોતાને ફાઈનાન્સ કંપનીના પ્રતિનિધિ તરીકે ઓળખાવી ગ્રાહકોને લોન મંજૂર થઈ હોવાનું જણાવી વિશ્વાસમાં લેતા હતા.

ત્યારબાદ ડેબિટ કાર્ડની વિગતો, એક્સપાયરી ડેટ અને સીવીવી નંબર મેળવી પ્રોસેસિંગ ફીના બહાને 150થી 200 ડોલર સુધીની રકમ વસૂલતા હતા. પોલીસે કરણ રામચંદ લોકવાણી, જોનાથન જોનસન દાસ, પંકજ અશોક જેઠવાણી અને આલેરસુલ મુસ્તાકઅલી સૈયદની ધરપકડ કરી છે. સ્થળ પરથી 7 મોબાઈલ ફોન, 8 લેપટોપ, ફાઈબર વાઈ-ફાઈ રાઉટર, રોકડ રકમ સહિત કુલ રૂ. 3.57 લાખનો મુદ્દામાલ કબજે લેવામાં આવ્યો હતો. પ્રાથમિક તપાસમાં આરોપીઓ લાંબા સમયથી વિદેશી નાગરિકોને નિશાન બનાવી ઓનલાઈન નાણાકીય છેતરપિંડી આચરતા હોવાનું સામે આવ્યું છે. પોલીસે ચારેય આરોપીઓ વિરુદ્ધ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે. આરોપીઓના બેંક ટ્રાન્ઝેક્શન, સંપર્કો અને સમગ્ર નેટવર્ક સાથે સંકળાયેલા અન્ય લોકો અંગે પણ તપાસ ચાલી રહી છે.

બીજી તરફ પોલીસે ચારેય આરોપીઓને કોર્ટમાં રજૂ કરી સાત દિવસના રિમાન્ડની માંગણી કરી હતી. જોકે કોર્ટે બે દિવસના પોલીસ કસ્ટડી રિમાન્ડ મંજૂર કર્યા છે. આરોપીઓ પાસેથી જપ્ત કરાયેલા મોબાઈલ ફોન અને અન્ય ડિજિટલ ઉપકરણોમાંથી કોલ ડિટેઈલ રેકોર્ડ (CDR) મેળવવા તેમજ ટેકનિકલ તપાસ માટે સામગ્રી એફએસએલમાં મોકલવાની કાર્યવાહી શરૂ કરવામાં આવી છે.

'ગોલ્ડન અવર'માં જીવ બચાવવાના પાઠ ભણાવાયા

# વડોદરા અગ્નિશમનના ૯૦ જવાનોને મળી મેડિકલ ઈમરજન્સી તાલીમ

(પ્રતિનિધિ) વડોદરા, તા.8
વડોદરા મહાનગરપાલિકાના અગ્નિશમન અને તાત્કાલિક સેવાઓ દ્વારા જાહેર જનતાની સુરક્ષા, અકસ્માત બચાવ કામગીરી અને કટોકટીના સમયે તાત્કાલિક પ્રતિસાદ આપવાની ક્ષમતાને વધુ ગુણવત્તાસભર બનાવવાના હેતુથી એક વિશેષ બે દિવસીય મેડિકલ ઈમરજન્સી અને જીવનરક્ષક તાલીમ કાર્યક્રમનું સફળ આયોજન કરવામાં આવ્યું હતું. ગોરવા સ્થિત ભાઈલાલ અમીન હોસ્પિટલ ખાતે તારીખ ૦૬/૦૬/૨૦૨૬ (શનિવાર) અને ૦૭/૦૬/૨૦૨૬ (રવિવાર) ના રોજ યોજાયેલા આ ખાસ કેમ્પમાં અંદાજે ૯૦ જેટલા ફાયર અધિકારીઓ અને કર્મચારીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. આ બે દિવસીય તાલીમ કાર્યક્રમ દરમિયાન ભાઈલાલ અમીન હોસ્પિટલના નિષ્ણાત ડૉક્ટરો અને સર્જનો દ્વારા અગ્નિશામક કર્મચારીઓને વિશેષ માર્ગદર્શન પૂરું પાડવામાં આવ્યું હતું. જેમાં આગની ઘટનાઓ દરમિયાન ગંભીર રીતે દાઝી ગયેલા દર્દીઓની પ્રાથમિક સંભાળ કેવી રીતે રાખવી, તાત્કાલિક કઈ સારવાર આપવી અને દર્દીને હોસ્પિટલ સુધી સુરક્ષિત રીતે કેવી રીતે સ્થળાંતરિત કરવા તે અંગે વિગતવાર માહિતી આપવામાં આવી હતી.

૧) **પ્રાથમિક સારવાર** :- કટોકટીના સમયે અપાતી પ્રાથમિક સારવાર.
૨) **લોહીનું દબાણ** : ઉચ્ચ અને નીચું રક્તચાપની સ્થિતિનું સંચાલન.
૩) **ગંભીર બીમારીઓ અને અકસ્માતઃ** હાર્ટ એટેક, સર્પદંશ, અને ફૂડ પોઈઝનિંગના કિસ્સામાં લેવાના પગલાં.
૪) **બચાવ કામગીરી** :- ધુમાડાની અસરમાં ઘેરાયેલા દર્દીઓની સારવાર તેમજ પાણીમાં ડૂબતી વ્યક્તિઓનો બચાવ અને સારવાર.
૫) **CPR તાલીમ** :- કાર્ડિયો પલ્મોનરી રિસસિટેશન આપવાની સાચી પદ્ધતિ.
૬) **હાડકાની ઈજા** :- વિવિધ અકસ્માતોમાં થતા ફ્રેક્ચર અને હાડકાની ઈજાઓનું વ્યવસ્થાપન.
૭) **રક્તસ્રાવ અટકાવવો** :- વધુ પડતા રક્તસ્રાવ દરમિયાન તાત્કાલિક કરવાની કાર્યવાહી. વિગેરેનો સમાવેશ થાય છે.

તંત્રની બેદરકારી સામે જીવદયા પ્રેમીઓમાં ભારે આક્રોશ

# વડોદરાની શાન સમા સુરસાગર તળાવમાં હજારો માછલીઓના મોત

**5 કરોડના બ્યુટીફિકેશન બાદ પણ જાળવણીનો અભાવ; ફિલ્ટરેશન પ્લાન્ટ બંધ રહેતા ઓક્સિજનની અછત સર્જાઈ હોવાનો આક્ષેપ,**



(પ્રતિનિધિ) વડોદરા, તા.8
વડોદરા શહેરના પશ્ચિમ વિસ્તારમાં આવેલા ગોત્રી તળાવ બાદ હવે શહેરની શાન સમાન અને મધ્યમાં આવેલા ઐતિહાસિક સુરસાગર તળાવમાં અસંખ્ય માછલીઓના રહસ્યમય સંજોગોમાં મોત નિપજ્યા હોવાની ગંભીર ઘટના સામે આવી છે. વહેલી સવારે તળાવની સપાટી પર હજારોની સંખ્યામાં માછલીઓ મૃત હાલતમાં તરતી જોવા મળતા સ્થાનિકો અને જીવદયા પ્રેમીઓમાં ભારે અરેરાટી વ્યાપી ગઈ હતી. આ ઘટનાને પગલે સમગ્ર વિસ્તારમાં અસહ્ય દુર્ગંધ ફેલાઈ ગઈ છે, જેના કારણે આસપાસના રસ્તાઓ પરથી પસાર થતા વાહનચાલકો અને રહીશો ભારે પરેશાનીનો સામનો કરી રહ્યા છે. ઘટનાની જાણ પાલિકા તંત્રને કરવામાં આવતા કોર્પોરેશનની ટીમ તાત્કાલિક દોડી આવી હતી અને સફાઈ કર્મીઓ દ્વારા યુદ્ધના ધોરણે મૃત માછલીઓને કોથળા ભરી ભરીને બહાર કાઢવાની કામગીરી શરૂ કરવામાં આવી હતી. આશ્ચર્યની વાત એ છે કે, વર્ષ 2024માં જ પાલિકા દ્વારા આશરે પાંચ કરોડ રૂપિયાના તોતિંગ ખર્ચે સુરસાગર તળાવનું બ્યુટીફિકેશન કરવામાં આવ્યું હતું. આમ છતાં, તંત્ર દ્વારા તેની યોગ્ય જાળવણી ન કરવામાં આવતી હોવાથી તળાવના પાણીમાંથી અવારનવાર દુર્ગંધ આવતી હોવાની ફરિયાદો ઉઠતી રહી છે. હાલમાં તળાવમાં પાણીના ફિલ્ટરેશનની કામગીરી પણ પાલિકા તંત્ર દ્વારા સંપૂર્ણપણે બંધ કરી દેવામાં આવી છે. જીવદયા પ્રેમીઓએ પાલિકા તંત્ર સામે ઉગ્ર રોષ ઠાલવતા આક્ષેપ કર્યો છે કે, સુરસાગર તળાવમાં મૂકવામાં આવેલા ફિલ્ટરેશન પ્લાન્ટ છેલ્લા કેટલાક સમયથી બંધ હાલતમાં છે. આ બેદરકારીના કારણે પાણીમાં ઓક્સિજનનું સ્તર ઘટી ગયું હતું અને ઓક્સિજનના અભાવે જ આટલી મોટી સંખ્યામાં માછલીઓ મરણ પામી છે. આ સાથે એવું પણ માનવામાં આવી રહ્યું છે કે, નાગરિકો દ્વારા માછલીઓને ખોરાક તરીકે મેંદાની બનેલી ચીજવસ્તુઓ વધુ પડતી ખવડાવવામાં આવતી હોવાથી પણ માછલીઓના મોત થયા હોઈ શકે છે.

રેસકોર્સ શો રૂમમાં સોનાના દાગીના મોઢામાં છુપાવીને મહિલાનો ભાગવાનો પ્રયાસ

# મલાબાર ગોલ્ડમાં હાઈફાઈ ગ્રાહક બની ચોરી કરવા આવેલી મહિલા ઝડપાઈ

**CCTVમાં હરકત કેદ થતાં સ્ટાફે પોલીસને બોલાવી, મહિલાની માનસિક બીમારીની ફાઈલ પતિએ પોલીસ સમક્ષ રજૂ કરી**



(પ્રતિનિધિ) વડોદરા, તા.8
વડોદરા શહેરના રેસકોર્સ વિસ્તારમાં આવેલા માલાબાર ગોલ્ડના શોરૂમમાં ગ્રાહકના સ્વાંગમાં આવેલી એક મહિલા સોનાના દાગીનાની ચોરી કરવાનો પ્રયાસ કરતી ઝડપાઈ ગઈ હતી. મહિલાએ દાગીના મોઢામાં છુપાવીને લઈ જવાનો પ્રયાસ કર્યો હતો, પરંતુ તેની શંકાસ્પદ હરકતો CCTV કેમેરામાં કેદ થઈ જતા સમગ્ર ઘટના બહાર આવી હતી. પોલીસે મહિલાના પતિને બોલાવતા તેઓ આ મહિલાની માનસિક બીમારીની દવા ચાલતી હોવાની ફાઈલ લઈને પોલીસ સમક્ષ રજૂ કરી હતી. જેથી પોલીસે હવે મહિલા ખરેખર માનસિક બીમારીથી પીડાય છે કે પછી કાવતરું રચ્યું છે તે દિશામાં તપાસ શરૂ કરી છે. વડોદરા શહેરના રેસકોર્સ રોડ પર આવેલા મા મલાબાર ગોલ્ડના શોરૂમમાં એક મહિલા ગ્રાહકનો સ્વાંગ રચીને ચોરી કરવા માટે આવી હતી. દાગીના જોવાના બહાને તેણે સોનાના કેટલાક દાગીના મોઢામાં છુપાવી લીધા હતા. જોકે શોરૂમમાં લગાવવામાં આવેલા CCTV કેમેરામાં તેની સમગ્ર હરકત કેદ થઈ ગઈ હતી. કેમેરાના ફૂટેજમાં ચોરીની ઘટના નજરે પડતાં શોરૂમના સંચાલકો અને સ્ટાફ સતર્ક બની ગયા હતા. તાત્કાલિક અકોટા પોલીસને જાણ કરવામાં આવતા પોલીસની ટીમ સ્થળ પર પહોંચી હતી. પોલીસે મહિલાની પૂછપરછ કરી તપાસ હાથ ધરી હતી. ચોરી કરતી પકડાઈ ગયેલી મહિલાએ પોલીસ અને શોરૂમના સંચાલકો સમક્ષ હાથ જોડી માફી માંગતા પોતાને છોડી દેવા આજીજી કરતા નજરે પડી હતી.

રેલાઈપુરા કાસ્યાવગા વિસ્તારમાં બે બાઇક ટકારાઇ

# મુજપુર નજીક બે બાઈક વચ્ચે અકસ્માત, દંપતી સહિત ચારને ઈજા

(પ્રતિનિધિ) પાદરા, તા.8
પાદરા તાલુકાના મુજપુર ગામ નજીક ચોકારી ગામના રહેવાસી શૈલેષભાઈ કિરણભાઈ ગોહિલ પોતાની પત્ની સપનાબેન સાથે હીરો કંપનીની એક્સટ્રીમ મોટરસાયકલ ઉપર અમદાવાદ જિલ્લાના બારેજા ખાતે આવેલા ખુખાર મેલડી માતાના દર્શન કરીને પરત પોતાના ગામ તરફ આવી રહ્યા હતા. દરમિયાન મુજપુર કેનાલ ચોકડી પાસેથી ગંદા પાણીની કેનાલ તરફના માર્ગે બપોરના સમય દરમિયાન મુજપુર ગામે રેલાઈપુરા કાસ્યાવગા વિસ્તારમાં ગુરુકૃપા ધરુ ફાર્મ નજીક પહોંચ્યા હતા. તે સમયે નરસિંહપુરા કેનાલ ચોકડી તરફથી આવી રહેલી હોન્ડા સીબી શાઈન મોટરસાયકલના ચાલકે પૂરઝડપે અને બેદરકારીપૂર્વક વાહન હંકારી શૈલેષભાઈની મોટરસાયકલ સાથે અકસ્માત સર્જ્યો હતો અકસ્માતમાં શૈલેષભાઈને જમણા પગના પંજાના અંગૂઠાના ભાગે તેમજ ડાબા ખભાના ભાગે ઈજાઓ પહોંચી હતી, જ્યારે તેમની પત્ની સપનાબેનને માથાના ભાગે ઈજા થઈ હતી. અકસ્માતમાં સામેથી આવતી સીબી શાઈન મોટરસાયકલના ચાલક તેમજ તેની પાછળ બેઠેલા વ્યક્તિને પણ ઈજાઓ પહોંચી હોવાનું પોલીસ ફરિયાદમાં નોંધાયું છે. ઘટનાને પગલે ઈજાગ્રસ્તોને સારવાર માટે ખસેડવામાં આવ્યા હતા. આ બનાવ અંગે શૈલેષભાઈ કિરણભાઈ ગોહિલની ફરિયાદના આધારે પાદરા પોલીસ મથકે અજાણ્યા મોટરસાયકલ ચાલક સામે ગુનો નોંધવામાં આવ્યો છે.

વ્રજધામમાં ગીરીકંદરાની દિવ્ય છાકલીલા

# શ્રીપ્રભુની વનભોજન લીલાના મનોહર દર્શનથી વૈષ્ણવો કૃતાર્થ થયા

**પુરુષોત્તમ માસમાં ગિરિરાજજીની કંદરામાં શ્રી ઠાકોરજીને વિવિધ ભોગ અર્પણ, ભાવિકોએ લીધા દિવ્ય દર્શનનો લાભ**



(પ્રતિનિધિ) વડોદરા, તા.8
વ્રજધામ આધ્યાત્મિક સંકુલના સર્વાધ્યક્ષ વૈષ્ણવાચાર્ય વ્રજરાજકુમાર મહારાજ ના મનોરથ સ્વરૂપે પુષ્ટિમાર્ગીય હવેલી પરંપરા અનુસાર વ્રજધામ આધ્યાત્મિક સંકુલ ખાતે શ્રીપ્રભુને લાડ લડાવવા માટે અવારનવાર ભવ્ય અને ભાવસભર મનોરથોનું આયોજન કરવામાં આવે છે. પવિત્ર પુરુષોત્તમ માસ (અધિક માસ) દરમિયાન શ્રીપ્રભુ સુખાર્થે યોજાતા વિવિધ મનોરથોની શ્રેણીમાં તા. ૨ જૂન, મંગળવારના રોજ સાંજે "ગીરીકંદરામાં છાકલીલા" મનોરથના અલૌકિક દર્શન યોજાયા હતા. વૈષ્ણવ પરંપરા અનુસાર શ્રી ઠાકોરજી વનમાં ગાયો ચરાવવા પધારતા અને પોતાના સખાઓ સાથે વનભોજનનો આનંદ માણતા, તે દિવ્ય પ્રસંગને 'છાકલીલા' તરીકે ઓળખવામાં આવે છે. આ જ વ્રજભાવને સાકાર કરતા ગિરિરાજજીની સુંદર કંદરાનું મનોહર દૃશ્ય સર્જી શ્રીપ્રભુને વિવિધ સામગ્રીનો ભોગ અર્પણ કરવામાં આવ્યો હતો અને ગીરીકંદરામાં છાકલીલા મનોરથના અદભૂત દર્શન કરાવવામાં આવ્યા હતા.